**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૭ ટકા

# સિવિલ ખાતે બેઝીક લાઈફ સપોર્ટ અંગે કોન્ફરન્સ યોજાઈ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર સિવિલ કેમ્પસ ખાતે આવેલ મેડીકલ ઓડીટોરીયમમાં તાજેતરમાં બે દિવસીય પ્રથમ સ્નાતક લેવલની મેડીકલ કોન્ફરન્સ નેકસસ-૨૦૧૯ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં બેઝીક લાઈફ સપોર્ટ, બેઝિક મેડીકલ સ્કીલ અને ડાયાગ્નાસ્ટિક ટેકનીકસ, ટેકનોલોજી ઈન હેલ્થ કેર અને એકયુટ પોઈઝનીંગ અને એક્સિડન્ટ મેનેઝમેન્ટ જેવા પાયના વિષયો આવરી લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે મોટીસંખ્યામાં મેડીકલ કોલેજના સ્નાતક કક્ષાના તબિબિ વિદ્યાર્થી ભાઈ બહેનો હાજર રહ્યા હતા.

જીએમઈઆરએસ મેડીકલ કોલેજ ગાંધીનગરમાં પ્રથમ સ્નાતક લેવલની મેડીકલ કોન્ફરન્સ ગત તા. ૯ અને ૧૦ માર્ચ દરમિયાન સિવિલ કેમ્પસ ઓડીટોરીયમ હોલ ખાતે યોજાઈ હતી. આ વર્કશોપનું અધિક નિયામક તબિબિ શિક્ષણના ડો.એમ.એમ.પ્રભાકરના હસ્તે કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં મેડીકલના સ્નાતક વિદ્યાર્થીઓને ટાંકા કેવી રીતે લેવા, એકસ-રે, ઈ.સી.જી. અને વિવિધ લેબોરેટરી તપાસનો કયારે અને કેવી રીતે યોગ્ય ઉપયોગ કરવો એ શીખવવામાં આવ્યું



હતું. બેઝીક લાઈફ સપોર્ટના વર્કશોપમાં વિદ્યાર્થીઓને જુદી-જુદી મેડીકલ ઈમરજન્સી કેવી રીતે ઓળખવી અને એની તત્કાલ સારવાર કેવી રીતે આપવી તે શીખવાડવામાં આવ્યું હતું. ઉપરાંત સીપીઆર કેવી રીતે આપવું એ પણ શીખવવામાં આવ્યું હતું. આ બે દિવસીય કોન્ફરન્સમાં વિવિધ ૧૦ લેકચર ગોઠવવામાં આવ્યું હતું. જે સ્નાતક વિદ્યાર્થીઓને જાણવા માટે અત્યંત જરુરી હતા. કાર્ડિયોલોજી, સાઈકાઈટ્રી, ગાયનેકોલોજી, ચામડીના રોગો, ટી.બી., રસીકરણ લાઈફ સ્ટાઈલ ડિસઓર્ડર જેમ કે ડાયાબીટીસ અને બીપીને લગતી જાણકારી આપવા માટે વિષયોના તજજ્ઞોને રાજયના અલગ અલગ વિસ્તારમાંથી બોલાવવામાં આવ્યા હતા. આ તજજ્ઞોએ વિદ્યાર્થીઓને સુંદર રીતે માર્ગદર્શન પુરુ પાડ્યું હતું, તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. તે ઉપરાંત વ્યંધત્વના વિષય પર જુદા જુદા ગાયનેકોલોજીના નિષ્ણાંત તબિબિએ પોતાના સારવારલક્ષી અનુભવ રજુ કર્યા હતા. માનસિક લક્ષણો તેના હોર્મોનલ અને ખાવા પીવાની આદતોને લઈને વ્યંધત્વ પર પડતી અસરો માટે એક પેનલ વિચાર વિમર્શનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. મેડીકલના વિદ્યાર્થીઓએ વિવિધ રીસર્ચ વોક રજુઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થી અને મેડીકલ રીસર્ચ કરવા માટે પ્રેરણા મળે છે. આ કોન્ફરન્સમાં વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરુપે અલગ અલગ વિદ્યાર્થીઓએ પોતાના વિચારો પણ રજુ કર્યા હતા. જે વુમન એમ્પાવરમેન્ટના વિષયને આધારીત હતા. આ પ્રકારના વર્કશોપથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને આવડતમાં ખુબ જ વધારો થાય છે. જેથી તેઓ ભવિષ્યના સારા ડોકટર બની શકે તેમજ તેનાથી સમાજને સારી આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડી શકે છે. આ વર્કશોપમાં મેડીકલ કોલેજના ડીન ડો.શોભના ગુપ્તા તેમજ વિવિધ ડોકટર્સ હાજર રહ્યા હતા.

## સે-૧૧માં લારી-ગલ્લાના દબાણથી પાર્કીંગમાં મુશ્કેલી



ગાંધીનગર, તા.૧૫

શહેરના સે-૧૧ મેઘ મલ્હાર અને સુમન ટાવર પાસે લારી-ગલ્લાના દબાણને પગલે વાહન માલિકોને વાહન કયાં પાર્ક કરતા તે સમજાતું નથી. તો બીજીતરફ થોડા સમય માટે વાહન પાર્ક કરીને વાહન માલિક પોતાના કામઅર્થે જાય છે. તો તાત્કાલીક તંત્ર દ્વારા ટોઈંગ કે પાવતી વાહન ચાલકોને આપવામાં આવે છે. જેને પગલે વાહન ચાલકોમાં રોષ ભભુકી ઉઠ્યો છે. ત્યારે તંત્રને સે-૧૧ માં ફુટપાથ પર ખડકાયેલા લારી-ગલ્લા નજરે પડતા નથી તેવું વાહન માલિકો કહી રહ્યા છે.

સે-૧૧ માં પાર્કીંગની જગ્યાએ દબાણકારોએ લારી-ગલ્લાના અડીંગા જમાવી દીધા છે. ફુટપાથ પર દબાણ સર્જાઈ જતા ના છુટકે વાહન માલિકોને માર્ગ પર અથવા અડચણરુપ વાહન પાર્ક કરવાની નોબત આવે છે. જેથી ગણતરીની મિનીટમાં જઈને કામ પતાવીને પરત ફરતા વાહન માલિકોને તંત્ર દ્વારા મેમો આપવામાં આવે છે. તો બીજીતરફ ટોંઈગ કરીને વાહનો લઈ જતા વાહન માલિક પરેશાન થઈ જાય છે. ત્યારે વાહન માલિકોનું કહેવું છે તે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવવામાં આવે અને ત્યારબાદ દંડની જોગવાઈ કરવામાં આવે. હાલમાં જ તંત્રના વાંકે વાહન ચાલકોને આવી બાબતનો દંડ ભરવો પડ્યો છે. ત્યારે તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

## ખ-૩ પાસે આઈ-૨૦ અને એકટીવા વચ્ચે અકસ્માત

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેરના પહોળા અને ચકાચક માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ પોતાના વાહનો હંકારતા હોય છે. જેને પગલે શહેરના માર્ગો પર નાના મોટા અકસ્માતના બનાવો બનતા હોય છે.જેમાં નિર્દોષ નાગરીકોને ઈજા પહોંચે છે ત્યારે શુક્રવારના બપોરના સુમારે ખ-૩ સર્કલ પાસે આઈ-૨૦ કાર અને એકટીવા વચ્ચે ટકકર થતા અકસ્માત સર્જાયો હતો. જેમાં એકટીવા ચલાવતી અને પાછળ બેસેલ યુવતિઓને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવતિઓને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાઈ હતી. જયાં યુવતિઓને હાથ-પગમાં ઈજા થતા સારવાર આપવામાં આવી હતી. જયારે કારની ટક્કર વાગતા એકટીવાને ભારે નુકશાન થવા પામ્યું હતું. જયારે અકસ્માતને પગલે ખ-૩ પાસે અન્ય વાહન ચાલકો અને આસપાસના નાગરીકો દોડી આવતા ભારે ભીડ જામી હતી. જયારે બનાવને પગલે થોડીવાર માટે ટ્રાફિકજામ થઈ ગયો હતો.

## ‘નુક્કડ નાટક’ થકી મતદાતાઓને જાગૃત કરતા વિશ્વકર્માના વિદ્યાર્થીઓ

**વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓનો ‘સેન્ટ્રલ ટેક ફેસ્ટ ૨૦૧૯’ અંતર્ગત પ્રસંશનીય પ્રયાસ**

ગાંધીનગર, તા.૧૫

ભારત એ વિશ્વની સૌથી મોટી લોકશાહી છે અને મતદાતા એ આ લોકશાહીના મંદિરનો ભગવાન ગણાય છે. જો કે લોકશાહીના અસ્તિત્વના પ્રાણ સમા મતદાતા રાજકીય પક્ષોની આક્ષેપબાજી, ચુંટાયેલા ઉમેદવારોના ભ્રષ્ટાચાર કે પક્ષ પલ્ટા જેવા વિશ્વાસઘાત અથવા નિષ્ક્રિયતા, વારંવાર આવતી વિવિધ ચુંટણીઓ વગેરે જેવા કારણોસર અનેકવાર મતદાન પ્રત્યે નિરુત્સાહી બની જાય છે અને મતદાન કરવાનું ટાળે છે. આ સંજોગોમાં



તંદુરસ્ત લોકશાહીના સંરક્ષણ-સંવર્ધન માટે મતદાતાઓને જાગ્રત કરવા જરુરી બને છે.

મતદાતાઓને મતદાન પ્રત્યે જાગૃત કરવા ચુંટણી પંચ દ્વારા તો મતદાતા જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવે જ છે પરંતુ આ સાથે અનેક સ્વૈચ્છિક, સેવાભાવી અને શૈક્ષણિક સંસ્થાઓ સહિત વિવિધ સંગઠનો કે યુવક મંડળ અને વિદ્યાર્થીઓ દ્વારા પણ મતદાતાને જાગૃત કરવા પ્રયાસ હાથ ધરાતા હોય છે. ગાંધીનગર પાસેની વિશ્વકર્મા એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા આગામી ‘ટેક ફેસ્ટ ૨૦૧૯’ અંતર્ગત ‘નુક્કડ નાટક’ દ્વારા મતદાતાઓને જાગૃત કરવા પ્રસંશનીય પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે આ નાટકની કથા લખવાથી માંડીને તેના મંચન સુધીની તમામ કામગીરી માત્ર અને માત્ર વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવી છે.

## નિસર્ગ દ્વારા ‘ફન વિથ કેમેસ્ટ્રી’ કાર્યક્રમ યોજાયો





ગાંધીનગર, તા.૧૫

નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય અને તેમનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે તે હેતુથી જુદી જુદી પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી પ્રેરિત નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા તા. ૧૪મી માર્ચના રોજ વી.પી.એમ.પી. પોલીટેકનીક કોલેજ, સે-૧૫ ખાતે એન્જીનીયરીંગની જુદી જુદી શાખાઓના વિદ્યાર્થીઓ માટે ‘ફન વિથ કેમેસ્ટ્રી’ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ, વીપીએમપી કોલેજના એમ.પી. પટેલ, આચાર્ય આનંદભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ડૉ. અનિલભાઈએ વિદ્યાર્થીઓને આપણા રોજીંદા જીવનમાં વપરાતા વિવિધ રસાયણો વિશે વિદ્યાર્થીઓને માહિતી આપી હતી. આ રસાયણોનો ઉપયોગ આપણે કરીએ છીએ પરંતુ તેની પાછળની રાસાયણિક પ્રક્રિયાઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વિવિધ રસાયણ વિજ્ઞાનના પ્રયોગો જેવા કે એસિડ-બેઈઝ પ્રક્રિયાઓ, રંગ બદલતું પ્રવાહી, પાણીમાં આગ જેવા પ્રયોગો વિદ્યાર્થીઓ પાસે કરાવ્યા હતા અને તેની પાછળનું વિજ્ઞાન સમજાવ્યું હતું. ઉપરાંત ભૂવાઓ વિવિધ પ્રકારના રસાયણોનો ઉપયોગ કરી નાળિયેરમાં દિવો કરે છે, હાથમાંથી કંકુ કાઢે છે, લીંબુમાંથી લોહી કાઢે છે જેવા પ્રયોગો પાછળનું વિજ્ઞાન પણ વિદ્યાર્થીઓને સમજાવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના ૬૫૦ જેટલા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવામાં સાયન્સ સેન્ટરના કો ઓર્ડીનેટર હાર્દિક મકવાણા, શિવાંગ પટેલ, વીપીએમપી કોલેજના મેહુલભાઈ પટેલ, મનિષભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવી હતી.

## આદર્શ નિવાસી શાળા (કન્યા)માં નિબંધ અને વક્તૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૧૫

શહેરની સેવાભાવી સંસ્થા આત્મન ફાઉન્ડેશન દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પોષક વિવિધ પ્રવૃત્તિઓ યોજવામાં આવે છે. આજ રોજ સેકટર- ૮ની આદર્શ નિવાસી શાળા(કન્યા)માં ધોરણ - ૯ ની બાળાઓ માટે નિબંધ અને ધોરણ - ૧૧ ની વિદ્યાર્થીનીઓ માટે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. નિબંધના વિષય હતા - મહાત્મા ગાંધી આજે જીવતા હોત તો અને મારા સ્વપ્રનું મારું ગામ. વક્તૃત્વ માટેના વિષય હતા - વિજ્ઞાન અને ટેકનોલોજી - વરદાન કે શાપ?? બીજો વિષય હતો, મારા સ્વપ્રનું ભારત.

નિબંધ સ્પર્ધામાં ૫૬, જ્યારે વક્તૃત્વ સ્પર્ધામાં ૩૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લઈ પોતાના વિચારો રજૂ કર્યા હતાં. નિબંધ સ્પર્ધામાં પૃથ્વી મકવાણા, મિતલ પરમાર અને કાંતા મકવાણા જ્યારે



વક્તૃત્વમાં રાઠોડ વિભૂતિ, દિવ્યાંગી પરમાર અને ઝાલા સુમન વિજયી બન્યાં હતાં. આ ઉપરાંત બન્ને વિભાગમાં બીજા ૬ પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યાં હતાં. ભાગ લેનાર તમામ દીકરીઓને આયોજક સંસ્થા તરફથી પ્રોત્સાહક ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે એચ. બી. વરિયા, દિવ્યાબેન વરિયા, શાળા આચાર્યા જ્યોતિબેન રાવલ, જયશ્રીબેન ખેતિયા, પ્રજ્ઞા પટેલ, શિક્ષકગણ સુરેશભાઈ પટેલ, રંજનાબેન ગુપ્તા, એમ.કે. ગોસાઈ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. એચ. બી. વરિયા અને પ્રજ્ઞા પટેલે વિદ્યાર્થીનીઓને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. જ્યોતિબેન રાવલે આભારવિધિ કરી હતી.

# લોકસભાની ચુંટણીઓના પગલે બજારમાં તેજીનો આશાવાદ

**મંડપ-ડેકોરેશનથી માંડીને કેટરીંગ, વાહનો ભાડે આપનારા કે બેનર-હોર્ડિંગ્સ અને વિવિધ ચીજવસ્તુઓના વેપારીઓમાં ઉત્સાહ**

ગાંધીનગર, તા.૧૫

લો ફરી એકવાર ચુંટણીઓ આવી ગઈ...!! ચુંટણીઓ આવે એટલે સરકારી કર્ચમારીઓ પર કામનું ભારણ વધે અને ચુંટણી કાર્યમાં જે કર્મચારીઓ જોતરાવાના છે તેઓ ચિંતિત બને તેવી સ્થિતિ જોવા મળતી હોય છે. બીજી તરફ ચુંટણીઓના પગલે શહેરના કેટલાક વેપારી વર્ગમાં આનંદનું મોજું પ્રવર્તી રહ્યું છે કારણ કે તેમના વેપારધંધામાં તેજીના એંધાણ વર્તાઈ રહ્યા છે. આ સામે દેખાતી વ્યાપારિક તકને ઝડપી લેવા વેપારીઓ, કોન્ટ્રાકટરો અને સંલગ્ન વ્યવસાયિકોએ આગોતરા આયોજન હાથ ધરી દીધા છે.

ચુંટણી એટલે માત્ર કોઈ રાજકીય પક્ષની હાર જીત કે સરકારોની ઉથલપાથલ જ એકમાત્ર બાબત નથી પરંતુ કેટલાક માટે ચુંટણીઓ નાણાં કમાવવાનો એક સુંદર મોકો છે. ચુંટણી દરમિયાન રાજકીય પક્ષો અને ઉમેદવારો મતદારો સુધી પહોંચવા અને તેમને રીઝવવા અનેક પ્રકારે પ્રયાસ કરતા હોય છે જેમાં વાહનોનો ઉપયોગ, બેનર્સ, પોસ્ટર્સ, હોર્ડિંગ્સ, ચોપાનિયા, મતદાર સ્લીપો વગેરે જેવા પ્રચાર સાહિત્ય ઉપરાંત કિચેઈન, ટોપી, ખેસ, મોબાઈલ કવર, કેલેન્ડર્સ જેવી અનેક ચીજવસ્તુઓના આકર્ષણ પણ ઉભા કરાય છે. વળી ચુંટણી

### માગશરથી વૈશાખ વચ્ચેની ‘ગેપ’ ચુંટણીઓ પુરશે

ફેબ્રુઆરીની લગ્ન સીઝન બાદ પરીક્ષાનો માહોલ થતા પાછળ વેકેશનના પગલે વૈશાખી લગ્ન સીઝન સુધી બજારમાં મંદી જોવા મળત પરંતુ હવે ચુંટણીઓ જાહેર થઈ જતા આ મંદીની ગેપ પુરાઈ જશે તેવી બજારમાં આશા જણાઈ રહી છે. આ બાબતે રાજકીય પક્ષો અને ઉમેદવારો યેનકેન પ્રકારે ખર્ચા કરીને પણ ચુંટણી જંગ જીતવા મથશે તેવું વાતાવરણ આશા બંધાવી રહ્યું છે.

કાર્યાલયો માટે મંડપ, ખુરશીઓ, ટેબલો, ગાદલા-ઓશિકાં વગેરેની પણ જરુર પડે છે.

મતદારોને એકઠા કરવા અનેકવાર જમણવાર, ચા નાસ્તા કે આઈસ્ક્રીમ પાર્ટી જેવા આયોજનો કરવા પડે છે. સતત પ્રચાર કાર્ય કરતા કાર્યકરોનો જુસ્સો ટકાવી રાખવા તેમજ તેમને હાજર રાખવા પણ તેમના માટે ચા-કોફી-નાસ્તાથી માંડીને બે ટાઈમ જમવાની વ્યવસ્થા પણ સતત રાખવી પડતી હોય છે. તેઓ સતત નેતાઓના અને



મતદાતાઓના સંપર્કમાં રહી શકે માટે મોબાઈલ રિચાર્જ કરાવવા સુધ્ધાં સહિતની સુવિધા પુરી પાડવી પડે છે તેમ જ વાહનોનો પેટ્રોલ ખર્ચ કે નિભાવ ખર્ચ પણ આપવો પડે છે. આમ ચુંટણીમાં મંડપ-ડેકોરેશનવાળાથી માંડીને રસોઈકામવાળા, વાહનો ભાડે આપનારા, સ્ટેશનરીવાળા, ઝેરોક્ષવાળા, ચા કોફી નાસ્તો બનાવતા કારીગરો વગેરે ઉપરાંત તેને સંલગ્ન શ્રમિકોની માંગ વધી જાય છે. આ કામ કરતા વ્યવસાયિકો, કોન્ટ્રાકટરો તથા રાજકીય પક્ષો કે ઉમેદવારોને જરુરી ચીજવસ્તુઓ વેચનારા અથવા સેવા આપનારા વર્ગમાં ચુંટણીના આગમનથી કમાવાની તક દેખાતા હર્ષની લાગણી જોવા મળી રહી છે. હા, આ બધામાં જેમનો ગત ચુંટણીઓના બીલોની ઉઘરાણી હજુ મળી નથી તેઓમાં ખાસ ઉત્સાહ દેખાતો નથી પરંતુ તેમને અગાઉના બીલો પાસ થઈ જશે તેવી આશા બંધાઈ છે.

## ‘પુકારતા ચલા હું મે’ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

આજે સંસ્કૃતિ સંસ્થા દ્વારા મહાન ફિલ્મ સંગીતકાર ઓ.પી.નૈયરના સંગીત નિર્દેશનમાં તૈયાર થેયલ લોકગીત કાર્યક્રમ ‘પુકારતા ચલા હું મૈં’ રાત્રે ૯.૧૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે. જેમાં વિશ્વનાથ બાટુંગે, નયના શર્મા, પ્રિયંકા બાસુ અને ચિરાગ દેસાઈ દ્વારા કાર્યક્રમ રજુ કરવામાં આવશે. ઉપરાંત સંગીત સંદિપ ક્રિશ્ચિયન દ્વારા પ્રસ્તુત થશે. કાર્યક્રમમાં પ્રીતીબેન એમ. મહેતા, ડૉ. ચેતનાબેન બૂચ, પરમજીતકૌર એન. છાબડા, ડૉ. લીનાબેન રાણા, આરતીબેન ઋષિકેશ ભટ્ટ અને મનોજ જોષીએ સંસ્થાના સભ્યોને કાર્યક્રમમાં ખાસ ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## આઈ.આઈ.ટી. ગાંધીનગર ખાતે ટેકનીકલ ફેસ્ટ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

પાલજ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે ‘ઈગ્નાઈટ ૫.૦’ અંતર્ગત વિવિધ ટેકનીકલ ઈન્સ્ટિટયુટસ વચ્ચે બે દિવસીય વાર્ષિક ટેકનીકલ ફેસ્ટનું આયોજન તા. ૧૬ અને ૧૭ માર્ચના રોજ કરવામાં આવ્યું છે.

ભવિષ્ય માટેની ટેકનોલોજી થીમ અંતર્ગત યોજાનાર ટેકનીકલ ફેસ્ટમાં વિદ્યાર્થીઓ દ્વારા ૩૦ જેટલા ટેકનીકલ પ્રોજેકટ રજુ કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ પ્રકારના ટેકનીકલ વર્કશોપ યોજાશે. અલગ અલગ ઈન્સ્ટિટયુટમાંથી આવેલા વિદ્યાર્થીઓ જે ઉદ્યોગ સાહસિકતામાં રસ ધરાવે છે તેમને અહીં બિઝનેસ અંગે કુશળતા વધારવા માટે એક પ્લેટફોર્મ મળી રહેશે. આઈઆઈટી ગાંધીનગર બહારના વિદ્યાર્થીઓને પણ આ પ્રોગ્રામની મુલાકાત લેવા તથા લેબ ટુર માટે આમંત્રણ પાઠવે છે જે માટે તેમણે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## ‘જીવન શૈલી બદલોને નિરોગી રહો’ વાર્તાલાપ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના જાણીતા હોલીસ્ટીક હીલર નટુભાઈ પટેલ દ્વારા આરોગ્યલક્ષી વાર્તાલાપ ‘જીવન શૈલી બદલો અને નિરોગી રહો’ તા. ૧૭મી માર્ચના રવિવારે સાંજે ૫.૦૦ કલાકે શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩, ગાંધીનગર ખાતે યોજાશે.

## સમર ટ્રેકિંગ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરની યુનિવર્સિલ સંસ્થા દ્વારા શારીરિક-માનસિક રીતે સાહસિક બનાવ અને કુદરત સાથે તાદાત્મ્ય સાધી શકાય તેવી પ્રવૃત્તિઓ ટ્રેકિંગ, માઉન્ટેન વૉક, કેમ્પ ફાયર, કલ્ચરલ પ્રોગ્રામ, રીવર ક્રોસિંગની એકિટવીટી માટે સમર ટ્રેકિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં માઉન્ટ આબુ, મનાલી, ડેલહાઉસી, લેહલદાખ જેવા વિવિધ સ્થળોનો સમાવેશ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.

કેમ્પમાં જોડાવા માટે વહેલા તે પહેલાના ધોરણે સે-૧૨-સી પ્લોટ નં. ૩૮૬/એ-૧ ખાતે નામ નોંધાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે. આ ઉપરાંત વધુ માહિતી માટે જયદીપસિંહ વાઘેલા, ૯૪૨૯૮૨૬૫૧૯ અને જતીન દવે ૯૭૨૫૦૭૨૩૨૨નો સંપર્ક કરવા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન સોમાભાઈ શાહ, ઉ.વ. ૮૫
- સ્વ. છાબડા વરીયામસિંઘ ઘનાસીંગ, ઉ.વ. ૬૩
- સ્વ. શાહ જયાબેન રમણલાલ, ઉ.વ. ૯૧